# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-05-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- ❖ **રાજકોટના TRP ગેમ ઝોનની દુર્ઘટનાની સુઓમોટો અરજી અંગે ગુજરાત વડી અદાલતમાં આજે સુનાવણી હાથ ધરાશે.**
- ❖ **રાજકોટ ગેમઝોન દુર્ઘટનામાં મૃતકોના પરિવારજનોને કેન્દ્ર સરકારે 2 લાખ રૂપિયા અને રાજ્ય સરકારે 4 લાખ રૂપિયાની સહાય જ્યારે ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય જાહેર કરી.**
- ❖ **રાજ્યભરના તમામ ગેમઝોન સહિત સિનેમાઘરોમાં ફાયર અને સલામતી અંગેની સઘન તપાસ હાથ ધરાઇ.**
- ❖ **રાજ્યમાં આજથી "નમો લક્ષ્મી – નમો સરસ્વતી" શિષ્યવૃતિ માટે નોંધણી પ્રક્રિયાનો આરંભ થશે.**
- ❖ **દેશની રાષ્ટ્રીય આરોગ્ય સંસ્થામાં પ્રવેશ માટેની INI – CET પરિક્ષામાં અમદાવાદના હિત માણવરે દેશમાં પ્રથમ રેન્ક મેળવ્યો.**

---------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAJKOT- HC SUO MOTO

રાજ્યની વડી અદાલતે રાજકોટના TRP ગેમઝોનમાં લાગેલી આગની ઘટના અંગે સુઓમોટો અરજી દાખલ કરી છે. વડી અદાલતે આ અકસ્માતને માનવસર્જિત ઘટના ગણાવી છે અને કહ્યું છે કે, આયોજકોની બેદરકારીને કારણે નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે.

તેમની ખંડપીઠે રાજકોટ, વડોદરા, સુરત અને મહાનગરપાલિકા અને રાજ્ય સરકારને નોટિસ પાઠવીને આજે સુનાવણીમાં હાજર રહેવા જણાવ્યું છે. ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવ અને દેવેન દેસાઈની ખંડપીઠે ગઈકાલે રાજકોટ મહાનગરપાલિકાને પૂછ્યું હતું કે, તેઓએ આ ગેમિંગ ઝોનને ચલાવવા માટે કાયદાની કઈ જોગવાઈ હેઠળ મંજૂરી આપી છે. ખંડપીઠે કહ્યું કે, ગેમિંગ ઝોનના નિર્માણ અને સંચાલન માટે યોગ્ય નિયમોનું પાલન કરવામાં આવ્યું નથી.

હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટે અગ્નિસુરક્ષા મુદ્દે અલગ-અલગ અરજીઓ પર સૂચનાઓ આપી છે છતાં આવી ઘટનાઓ બની રહી છે. ટીઆરપી ગેમ ઝોન પાસે અગ્નિસુરક્ષા "ના વાંધાપ્રમાણપત્ર" નથી. હાઈકોર્ટે એડવોકેટ એસોસિએશનના વડા બ્રિજેશ ત્રિવેદીએ સીટીંગ જજ દ્વારા આ મામલાની તપાસની માંગ કરી હતી.

રાજકોટના TRP ગેમ ઝોન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં કુલ મૃત્યુઆંક 30થી વધુના મોત થયા છે. તમામ મૃતદેહના DNA મૃતકોના પરિવારજનોના DNA સાથે મેચ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---

# PM/ CM- RAJKOT

રાજકોટ ગેમઝોન ઘટના અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી. શ્રી મોદીએ કહ્યું કે, રાજકોટની ઘટનાથી અત્યંત વ્યથિત છું.

જેમણે આ દુર્ઘટનામાં પ્રિયજનોને ગુમાવ્યા છે તેમની સાથે છુ અને આગમાં થયેલા ઇજાગ્રસ્તો માટે પ્રાર્થના કરું છું. રાજકોટની ઘટનામાં કેન્દ્ર સરકારે મૃતકોના દરેક પરિવારને બે- બે લાખ રૂપિયાની અને ઇજાગ્રસ્તોને 50-50 હજાર રૂપિયાની સહાય જાહેર કરી છે.

તો રાજ્ય સરકારે મૃતકોના પરિવારજનોને ચાર લાખની અને ઇજાગ્રસ્તોને પચાસ હજારની સહાયની જાહેરાત કરી છે.. મુખ્યમંત્રીએ ઇજાગ્રસ્તો જલ્દીથી સાજા થાય તેવી પણ કામના કરી હતી.

---------------------------------------------------------------------

## RAJKOT- RAJU BHARGAV PC

રાજકોટ ગેમ ઝોનમાં આગની ઘટનામાં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં 6 લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ફરિયાદમાં ગેમઝોનના માલિક યુવરાજ સિંહ સોલંકી, પ્રકાશ સોલંકી, ધવલ ઠક્કર, અશોકસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, રાહુલ રાઠોડના નામ સામેલ છે.

ક્રાઈમ બ્રાન્ચે ગેમ ઝોનના માલિક યુવરાજસિંહ સોલંકી સહિત બેની ધરપકડ કરી છે.  રાજકોટ શહેરના પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે જણાવ્યું કે, 2 લોકોની ધરપકડ કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમ અન્યોની ધરપકડ કરવા માટે કામે લાગી છે.

---------------------------------------------------------------------

## Rajkot Gamezone

રાજકોટના ગેમઝોન ખાતે સર્જાયેલી કરુણ આગ દુર્ઘટના બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્રપટેલે ઘટનાસ્થળની મુલાકાત લઈ રાહત બચાવ કામગીરીની સમીક્ષા કરતા ઉચ્ચ અધિકારીઓને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા જરૂરી સૂચના

આપી હતી. ત્યારબાદ બનાવ સ્થળ પર વડોદરા ખાતેથી NDRFની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી હતી.

NDRFની ટીમે દુર્ઘટનાગ્રસ્ત ગેમઝોન પરના કાટમાળને હટાવી શોધ અભિયાન હાથ ધર્યું હતું. આઠ  કલાક સુધી દરમિયાન ચાલેલા આ શોધ અભિયાનમાં NRDFના 57 જવાનો જોડાયા હતા અને તેઓ તમામે કાટમાળ હટાવવા ઉપરાંત સ્નીફર ડોગની મદદથી પણ શોધ અભિયાન હાથ ધર્યું હતું.

------------------------------------------------------------

# Panchmahal Gamezone

રાજય સરકારના તમામ ગેમ ઝોનોની તપાસ કરવાના આદેશોના પગલે ગોધરા ઈન્ચાર્જ મામલતદારના નેતૃત્વ હેઠળની તપાસ  ટીમે ગોધરા શહેરમાં આવેલા  રમત ગમત કિંગડમ, બ્લયૃમૂન પૂલ એન્ડ સ્નૂકર પ્લાઝા, પુલ એન્ડ સ્નૂકર કલબ અને દાહોદ રોડ ઉપેર આવેલા ગેમઝોન સહિત ચારેય ગેમઝોનના સંચાલકો પાસેથી ફાયર NOC સહિતની સલામતી અંગેના સાધનો માહિતી માંગતા આ સંચાલકો તે રજૂ કરી શક્યા નહોતા.

પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે ડોમ ઉભા કરીને બનાવવામાં આવેલા ગેમઝોનમાં ફાયર સેફ્ટી અને ઈમરજન્સી એક્ઝિટ ના અભાવે ચારેય ગેમઝોન ના સંચાલકો ને નોટિસ આપી હાલ ગેમઝોન બંધ કરાવવા ની સૂચના આપી હતી. ઉપરાંત વધુ ભીડ થતા ડી માર્ટ સહિત ના મોલ માં પણ ફાયર સેફ્ટી અને ઈમરજન્સી એક્ઝિટ ની તપાસમાં ઈમરજન્સી એક્ઝિટ ડોર પર તાળા  બંધ રખાતા હોવાનું ધ્યાને આવતા તે યોગ્ય રીતે સંચાલન અંગેની સૂચના  મેનેજર સહીત સ્ટાફ મેમ્બર્સ ને અપાઈ હતી.

------------------------------------------------------------

# Tapi GameZone

તાપી જિલ્લા ડિઝાસ્ટર અને વ્યારા નગરપાલિકાની ટીમે IRIS પ્લાઝા અને રાધે સિનેપ્લેક્સ સિનેમામાં ફાયર સેફ્ટી સુવિધાઓનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

તાપી જિલ્લાના અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે કે જિલ્લા કલેકટર ડો. વીપીન ગર્ગના માર્ગદર્શન હેઠળ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને વ્યારા નગરપાલિકાના સ્ટેશન ફાયર ઓફિસરની ટીમે વ્યારા તાલુકામાં આવેલી IRIS પ્લાઝા અને રાધે સિનેપ્લેક્સ સિનેમામાં ફાયર સેફ્ટી સુવિધાઓનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

સુરક્ષા વ્યવસ્થા તેમજ ફાયર સેફટી અંગેની સુવિધાઓ તથા એક્ઝિટ માટેના દરવાજાઓ હંમેશા ખુલ્લા રાખવા અને ફાયર સેફ્ટી માટે તકેદારી રાખવા જરૂરી સૂચનો આપવામાં આવેલ છે. વધુમાં વ્યારા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ટિચકપુરા ગામે આવેલા ગેમ ઝોન હાલ સંપુર્ણ પણે બંધ કરવામાં આવેલ છે.

.-----------------------------------------------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.-----------------------------------------------------------------------

# Scholarship Scheme

આજથી નમો લક્ષ્મી-નમો સરસ્વતી શિષ્યવૃત્તિ માટે નોંધણી પ્રક્રિયાનો આજથી પ્રારંભ થશે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં નમો લક્ષ્મી નમો સરસ્વતી નામની બે નવી યોજના જાહેર કરાઈ હતી.

જેમાં નમો લક્ષ્મી-અંતર્ગત ધોરણ – 9થી 12માં અભ્યાસ કરતી અંદાજે 10 લાખ જેટલી વિદ્યાર્થીનીઓને 4 વર્ષના અભ્યાસક્રમ દરમિયાન 50 હજાર રૂપિયાની સહાય અપાશે, જ્યારે નમો સરસ્વતી યોજના અંતર્ગત ધોરણ – 11 અને 12ના ગુજરાત બોર્ડ અને CBSE સંલગ્ન બોર્ડના વિદ્યાર્થીઓને સહાય અપાશે.

આ યોજનાઓ માટે નોંધણી પ્રક્રિયાનો આજથી પ્રારંભ થશે. આ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીઓની માતાના ખાતામાં જમા કરાવવામાં આવશે.

.------------------------------------------------------------------

# Weather Local

રાજ્યમાં ગરમીમાં આંશિકા ઘટાડો થયો છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યભરમાં છેલ્લા કેટલાંક દિવસથી કાળઝાળ ગરમી પડી રહી છે, જો કે, ગઈકાલથી રાજ્યમાં ગરમીમાં આંશિક ઘટાડો જોવા મળ્યો છે. આગામી દિવસોમાં તાપમાનમાં બેથી 3 ડિગ્રી ઘટાડાની સંભાવના છે.

ગઈકાલે અમદાવાદ, ગાંધીનગર, વલ્લભ વિદ્યાનગર અને કંડલા એરપોર્ટ ખાતે મહત્તમ તાપમાન 44 ડિગ્રી સેલ્શીયસ નોંધાયું છે. જ્યારે સુરેન્દ્રનગર, ડીસા, વ઼ડોદરા ખાતે 43, ભાવનગર – રાજકોટ અને ભૂજ ખાતે 42 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગ દ્વારા હજુ આગામી બે દિવસ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, બનાસકાંઠા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર અને કચ્છમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

દરમિયાન રાજ્યમાં છેલ્લા 6 દિવસમાં એક હજાર 200થી વધુ લોકો ગરમીને લગતી બિમારીનો ભોગ બન્યા છે. જેમ કે, પેટમાં દુખાવો, ઝાડા – ઉલ્ટી, હીટ સ્ટ્રોક, તાવ, માથામાં દુખાવો અને બેભાન જેવી ફરિયાદો નોંધાઈ છે.

.------------------------------------------------------------------

# INI CET

દેશની વિવિધ એઈમ્સ અને અન્ય રાષ્ટ્રીય મેડિકલ સંસ્થામાં પ્રવેશ માટેની INI – CET પરિક્ષામાં અમદાવાદના હિત માણવરે દેશમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.

MBBS પછી MD-MS કોર્સમાં  પ્રવેશ માટે લેવાયેલી આ પરિક્ષામાં હીત મણવરે 100 પર્સેન્ટાઈલ સાથે દેશભરમાં પ્રથમ રેન્ક મેળવવાની સિદ્ધિ મેળવી છે. 100 પર્સેન્ટાઈલ મેળવનાર હીત સમગ્ર દેશમાં એકમાત્ર વિદ્યાર્થી છે. આ સાથે રાજ્યના અન્ય બે વિદ્યાર્થીઓ કેયુર માંડવિયાએ 24મો અને જુહી ભણસાલીએ 40મો ક્રમાંક મેળવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, દેશભરના 80 હજારથી વધુ વિદ્યાર્થીઓએ આ પરિક્ષા આપી હતી.

.-----------------------------------------------------------------------

# RAJKOT- SIT

રાજ્યના ગૃહવિભાગે રાજકોટના ગેમઝોન ઘટનાની તપાસ માટે પાંચ સભ્યોની એસઆઇટીની રચના કરી છે, જેના અધ્યક્ષ સી.આઇ.ડીના અધિક પોલીસ મહાનિદેશક સુભાષ ત્રિવેદી છે. અન્ય સભ્યોમાં જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાંતોની નિમણૂંક કરવામાં આવી છે.

રાજકોટ ગેમઝોનની ઘટનાની તપાસ કરીને પ્રાથમિક અહેવાલ 72 કલોકમાં રજૂ કરવાનો રહેશે. આ ઘટનામાં તપાસ ટીમે તમામ પાસાનો અભ્યાસ કરવાનો રહેશે અને તેનો વિસ્તૃત અહેવાલ રાજ્ય સરકારને 10 દિવસમાં રજૂ કરવાનો રહેશે. દરંમિયાન, રાજકોટ TRP ગેમઝોનમા આગની દુર્ઘટના મામલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ખાસ તપાસ ટુકડી- SIT ના સભ્યો સાથે રાજકોટ હીરાસર એરપોર્ટ ખાતે બેઠક કરી હતી.

આ બેઠકમાં મુખ્યમંત્રીએ SITના સભ્યોને ઝડપી અને નિષ્પક્ષ તપાસ માટે આપ્યા આદેશ છે.

-----------------------------------------------------------------------

# Bhavnagar prajnachaksu building dedication

ભાવનગરના શ્રી અંધ અભ્યુદય મંડળના દ્વિ-દિવસીય વાર્ષિક અધિવેશનમાં શહેરના 24 પ્રજ્ઞાચક્ષુ પરિવારોને 27 લાખ રૂપિયાથી વધુના ખર્ચે પુનઃનિર્માણ કરાયેલા મકાનો અર્પણ કરાયા હતા.

ભાવનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે શ્રી અંધ અભ્યુદય મંડળનું ૬૪મુ દ્વિ-દિવસીય વાર્ષિક અધિવેશન 25 અને 26મી મેનાં રોજ ભાવનગર ખાતે યોજાયું હતું. જેમાં રાજ્યભરનાં એક હજાર થી વધુ પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આ અધિવેશનમાં શહેરના અતિ નબળી પરીસ્થિતિ ધરાવતા 24 પ્રજ્ઞાચક્ષુ પરિવારોને 27 લાખ રૂપિયાથી વધુના ખર્ચે મકાનો સમારકામ કરવામાં આવ્યું હતું જે મકાનોને આ પ્રજ્ઞાચક્ષુ પરિવારોને અર્પણ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત સમારંભમાં ધોરણ-૧૨માં સમગ્ર ગુજરાતમાં પ્રજ્ઞાચક્ષુઓમાં પ્રથમ આવનાર એક પ્રજ્ઞાચક્ષુ ભાઈ અને એક બહેનને સ્વ.શાંતિલાલ રૂગનાથ ઓઝા મેમોરીયલ એવોર્ડ-કુમાર વિભાગ–દીપ ટાઢાણી તેમજ કન્યા વિભાગ–રમિલા ડોળાશિયા કે જે બંને શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના વિધાર્થીઓને એનાયત કરાયા હતા. જ્યારે ધોરણ-૧૦ની માર્ચ ૨૦૨૩ની પરીક્ષામા ૮૫% સાથે ઉતીર્ણ થનાર વડોદરાની પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીની યેશા વિજયકુમાર મકવાણાનું રોકડ પુરસ્કાર અને સન્માન પત્ર અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત રાજકોટના પ્રજ્ઞાચક્ષુ યુવક કૌશિક જીંજાળાને 60 હજાર રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ રોજગારબુથનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે અન્નપૂર્ણા અનાજ સહાય યોજના અંતર્ગત 51 નેત્રહીન પરિવારને અનાજ કીટનું વિતરણ કરાયું હતું. તેમજ શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા અને રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓને એવોર્ડ આપી સન્માન કરાયું હતું.

---------------------------------------------------------------